ગુજરાતમાં કોરોનાનો કહેર : ૨૪ કલાકમાં ૧૯ મૃત્યુ

ગુજરાતમાં કોરોના તાંડવ વચ્ચે કેસોની સંખ્યા ૨૧૭૮ થઇ

અમદાવાદમાં એક જ દિવસમાં ૧૩૦ કેસ વધતા ચિંતાજનક સ્થિતિ

ગાંધીનગર, તા.૨૧

અમદાવાદમાં ૮૦ નવા કેસ સાથે ગુજરાતમાં આજે મંગળવારના દિવસે ૧૧૨ નવા કેસો સપાટી સપાટી ઉપર આવ્યા હતા. આની સાથે જ ગુજરાતમાં અતિ ઝડપથી કોરોના કેસોની સંખ્યા વધવાનો સિલસિલો જારી રહ્યો છે. આજે વધુ ૧૩ લોકોના મોત થયા હતા. આની સાથે જ ગુજરાતના કોરોનાના કારણે દમ તોડી ચુકેલા લોકોની સંખ્યા વધીને ૯૦ ઉપર પહોંચી હતી. આજે જે ૧૧૨ કેસ નોંધાયા હતા જે પૈકી એકલા અમદાવાદમાં ૮૦ કેસ નોંધાયા હતા જ્યારે સુરતમાં નવ અને અરવલ્લીમાં ચાર કેસ નોંધાયા હતા. બનાસકાંઠામાં પણ પાંચ કેસ નોંધાયા હતા. નવા નવા વિસ્તારોમાં કોરોનાનો પગપેસારો થઇ રહ્યો છે પરંતુ સૌથી ચિંતાજનક બાબત અમદાવાદ માટે બનેલી છે. આજે ૧૩ લોકોના મોત થઇ ગયા હતા જે પૈકી એકલા ૧૦ લોકોના મોત થયા હતા. અમદાવાદ સિવિલમાં ચાર લોકોના મોત થયા હતા જ્યારે અમદાવાદ એસવીપીમાં છ લોકોના મોત થયા હતા.

સુરત સિવિલમાં બે લોકોના મોત થયા હતા. એકાએક મોતનો આંકડો પણ ઝડપથી વધવા લાગ્યો છે. કોરોનાના આંકડા દર્શાવે છે કે રાજ્યમાં ૧૪ દર્દીઓ હજુ વેન્ટીલેટર પર છે. સાથે સાથે ૧૯૩૫ દર્દીઓ સ્ટેબલ રહેલા છે. આજે પણ કોરોના પ્રભાવિત વિસ્તારોમાં સઘન તપાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના ભાગરૂપે અમદાવાદમાં વધુ ૮૦ કેસો સપાટી પર આવ્યા હતા. હોટસ્પોટ બનેલા અને ખતરનાકરીતે કોરોનાના કેસો જ્યાં વધી રહ્યા છ. અમદાવાદમાં આજે જે ૮૦ પોઝિટિવ કેસ આવ્યા હતા . લેબોરેટરી પરીક્ષણની વાત કરવામાં આવે તો છેલ્લા ૨૪ કલાકના ગાળામાં ૩૫૧૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી ૨૩૯ કેસ પોઝિટિવ રહ્યા છે જ્યારે ૩૨૭૪ કેસ નેગેટિવ રહ્યા છે. હજુ સુધી ટેસ્ટની વાત કરવામાં આવે તો આ આંકડો ૩૬૮૨૯ સુધી પહોંચ્યો છે જે પૈકી ૨૧૭૮ કેસ પોઝિટિવ રહ્યા છે અને ૩૪૬૫૧ કેસ નેગેટિવ રહ્યા છે. આજે છ લોકોના મોત થયા હતા જે પૈકી તમામ મોટી વયના લોકો છે. અમદાવાદમાં કેસોને રોકવા માટે વિવિધ પગલાની અસર દેખાઇ રહી છે. રાજ્યમાં કોરોનાને લઇને સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે.

રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ રાજયમાં કોરોના પોઝિટિવના કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદ અને વડોદરા રાજ્યમાં હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે. કારણ કે, આ બે જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઇ રહ્યો છે. સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજ્યમા ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે જેમાં તમામ પ્રકારની સુવિધાઓ રાખવામાં આવી છે. લોકડાઉનની સ્થિતિ પ્રવર્તી રહી છે. તમામ નિષ્ણાતોના કહેવા મુજબ ગુજરાતમાં કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારઅહીં રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. અમદાવાદના જુદા જુદા ઝોનમાં સઘન કામગીરી ચાલી રહી છે. હોમ કોરેન્ટાઇનમાં રહેલા દર્દીઓની સંખ્યા ૨૬૫૯૦ રહી છે.

જ્યારે સરકારી ફેસિલીટીમાં કોરોન્ટાઇન રહેલા દર્દીઓની સંખ્યા ૩૪૩૬ રહી છે. કુલ કોરોન્ટાઇન દર્દીઓની સંખ્યા ૩૦૩૫૪ રહી છે. ગુજરાતના સૌથી વધારે અસરગ્રસ્ત વિસ્તારમાં અમદાવાદ છે. ત્યારબાદ વડોદરા અને સુરતમાં પણ મોટી સંખ્યામાં કેસો છે. ગુજરાતમાં જે કેસો વધ્યા છે તે પૈકી મોટાભાગે અમદાવાદમાં વધી રહ્યા છે. અન્યત્ર સ્થિતિ કાબૂમાં આવી રહી છે પરંતુ અમદાવાદના લીધે આંકડો ઉલ્લેખનીયરીતે વધ્યો છે.

અમદાવાદ : ૧૩૭૮
મૃત્યુ : ૫૩, ડીસ્ચાર્જ : ૫૨

વડોદરા ૧૯૪	સુરત ૩૪૭	રાજકોટ ૪૦	ભાવનગર ૩૨	ભરૂચ ૨૩	આણંદ ૨૮	ગાંધીનગર ૧૭	પાટણ ૧૫
નર્મદા ૧૨	પોરબંદર ૦૩	બનાસકાંઠા ૧૫	મહેસાણા ૦૭	કચ્છ ૦૬	અરવલ્લી ૧૨	ગીરસોમનાથ ૦૩	મહીસાગર ૦૩
છોટાઉદેપુર ૦૭	પંચમહાલ ૧૧	જામનગર ૦૧	મોરબી ૦૧	સાબરકાંઠા ૦૩	દાહોદ ૦૪	બોટાદ ૦૭	ખેડા ૦૩
તાપી ૦૧	વલસાડ ૦૩	નવસારી ૦૧					

રાણપુરમાં પ્રેમી સાથે મળી પત્ની પતિને બાંધી ફરાર

ડીસા, તા. ૨૧

ડીસાના રાણપુર ગામે યુવકને માથામાં તીક્ષ્ણ ઘા મારી

ઝાડ સાથે બાંધી યુવકની પત્ની અને પ્રેમી ફરાર થઈ ગયેલ આ ઘટનાની જાણ ગ્રામજનોને થતા પોલીસને બોલાવી યુવકને સારવાર અર્થે ખસેડાયો હતો.

સમગ્ર ઘટનાની વિગત એવી છે કે ડીસા રાણપુર આથમણાવાસ ગામે જીવણજી ગણાજી ઠાકોર પોતાની પત્ની અને બાળકો સાથે રહે છે અને ગામમાં છૂટક મજૂરી કરી ગુજરાન ચલાવે છે, ત્યારે આ જીવણજીના ઘરે દાંતીવાડા તાલુકામાં ઓઢવા ગામનો પ્રકાશ જેન્તીજી ઠાકોર અવરજવર કરતો હોય તે બાબતે યુવકે તેની પત્નીને પૂછતાં તેઓએ મામાનો દીકરો ભાઈ હોવાનું જણાવેલ ત્યારે ગતરોજ આ પ્રકાશ અને તેના મિત્રો જેન્તીજીના ઘરે આવતા તેઓને લોકડાઉનમાં અમારા ઘરે ના આવશો સરપંચે ગામમાં કોઈને પ્રવેશના નથી દેતા તમે જતા રહો એવું કહેતા અન્ય બે ઈસમો જતા રહેલ અને પ્રકાશ ઘરે રોકાયેલ જેથી જેન્તીજીએ ના પાડતા તેની પત્નીએ પ્રકાશ મારા ઘરે જ રહેશે તેવું કહી તને તો મારી નાખવો છે ખાવામાં ઝેર આપી દઉં તેમ કહી ખાવાનું આપેલ જોકે જેન્તીજીએ ખાવાની ના પાડતા તેની પત્ની અને પ્રેમી પ્રકાશે માથાના ભાગે પાવડાનો ઘા મારી ઘર આગળ લીમડાના જાડે બાંધી નાસી ગયેલ. જો કે લોહીલુહાણ હાલતમાં જોઈને ગ્રામજનોએ સરપંચને જાણ કરેલી જેથી સરપંચ દોડી ડીસા તાલુકા પોલીસને જાણ કરેલી જેથી પોલીસ આવી યુવકને ઝાડ સાથે બાંધેલો છોડીને સારવાર અર્થે ૧૦૮ દ્વારા હોસ્પિટલમાં લઈ જવાયોલ હતો.

જોકે યુવકને તેની પત્ની દ્વારા ખાવામાં ઝેર આપી મારી નાખવાનો ઈરાદો હતો પરંતુ ખાવાનું ન ખાતા યુવકને પ્રેમી અને પત્નીને માર મારી ઝાડ સાથે બાંધી પ્રેમી સાથે પત્ની બાળકોને લઈને નાસી ગયેલ. ત્યારે પોલીસ યુવકની વધુ તપાસ હાથ ધરશે.

મોડાસા માર્કેટયાર્ડ ધમધમી ઉઠ્યુ

રજીસ્ટ્રેશન કરેયેલ ૫૦ ખેડૂતોને થર્મલ સ્કીનિંગ અને સેનેટાઇઝ કરી માર્કેટયાર્ડમાં પ્રવેશ

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લામાં લોકડાઉનની લંબાવતા સૌથી વધુ કફોડી હાલત જગતના તાતની થઈ છે. ખેડૂતોની જીવાદોરી સમાન ઘઉં અને રવિ સીઝનની પેદાશોના ઢગલા ઘર અને ખેતરમાં પડી રહેતા ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થવાનો વારો આવ્યો હતો. મોડાસા માર્કેટયાર્ડના સત્તાધીશોએ જીલ્લામાં એકપણ કોરોનાનો કેસ ન હોવાથી ખેડૂતોને રવિ પેદાશ વેચવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ૧૪ એપ્રિલથી શરુ કરતા ખેડૂતોએ મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ગુરુવારથી રજીસ્ટ્રેશન કરાયેલ ૫૦ રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને ખરીદી માટે બોલાવતા મોડાસા માર્કેટયાર્ડ ધમધમી ઉઠ્યું હતું. ઘઉંના મણે ૩૫૦થી ૪૦૦ રૂપિયા મળી રહેતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

કોરોના મહામારીમાં કોરોનાનું સંક્રમણ ન ફેલાય તેની તકેદારીના ભાગરૂપે મોડાસા માર્કેટયાર્ડમાં ટ્રેક્ટર સહીત વિવિધ વાહનો મારફતે ઘઉં અને રવિપાક લઈ વેચાણ અર્થે પહોંચેલા ખેડૂતો અને ડ્રાઈવરનું થર્મલ સ્કીનિંગ અને સેનેટાઇઝ કરી માર્કેટયાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. સોશ્યલ ડિસ્ટન્સ જળવાઈ રહે તેની તકેદારી રાખી ખેડૂતોના પાકની ખરીદી થતા ખેડૂતોએ હૈયે હાશકારો અનુભવ્યો હતો. મોડાસા માર્કેટયાર્ડમાં ૩૨ ખેડૂતો ઘઉં વેચાણ અર્થે પહોંચતા શરુ થયેલી હરાજીમાં ૩૫૦થી ૪૦૦ રૂપિયા પ્રતિ મણ ઘઉંનો ભાવ મળી રહેતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

રાજ્યમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા વધુ પાંચ સચિવોને જિલ્લાઓની જવાબદારી સોંપી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં કોરોના વાયરસ કોવિડ-૧૯ના સંક્રમણને નિયંત્રણમાં રાખવાની કામગીરીમાં જિલ્લા તંત્રવાહકોના માર્ગદર્શન-સુપરવિઝન અને રોગ નિવારાત્મક પગલાંઓના અસરકારક અમલીકરણ માટે વધુ પાંચ આઈ.એ.એસ. અધિકારીઓને વિવિધ જિલ્લાઓની જવાબદારી સોંપી છે. મુખ્યમંત્રીના આ નિર્ણયના અનુસંધાને ભાવનગર, પાટણ, આણંદ, ભરૂચ અને પંચમહાલ જિલ્લાઓ માટે આ પાંચ આઈ.એ.એસ. અધિકારીઓને તાત્કાલિક અસરથી નિમણૂંકો આપવામાં આવી છે.

તદ્અનુસાર શ્રીમતી સોનલ મિશ્રા સચિવ (નર્મદા)ને ભાવનગર જિલ્લામાં, પ્રવાસન સચિવ શ્રીમતી મમતા વર્માને પાટણ જિલ્લામાં, જી.એમ.ડી.સી.ના મેનેજિંગ ડિરેક્ટર એ.એમ. સોલંકીને આણંદ જિલ્લામાં તથા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના એમ.ડી. શ્રીમતી શાહમીના હૂસૈનને ભરૂચ અને વાહનવ્યવહાર કમિશનર રાજેશ માંજૂને પંચમહાલ જિલ્લામાં આ જવાબદારીઓ તેમની હાલની ફરજો ઉપરાંત સોંપવામાં આવી છે.

ભિલોડામાં પક્ષીઓ માટે પીવાના પાણીના કુંડાનું વિતરણ

ભિલોડામાં પોલીસ જવાનો અને શૈક્ષણિક યુવા વિચાર મંચ ધ્વારા પક્ષીઓ માટે પીવાના પાણીના કુંડાનું વિતરણ કરાયું હતું.ઉનાળાની ઋતુ દરમ્યાન અસહ્ય કાળઝાળ ગરમીનો શુભારંભ થઈ રહ્યો છે.અબોલા પશુ-પંખીઓની હાલત અત્યંત દયનીય હોઈ ત્યારે સેવાભાવી કાર્યકરો ધ્વારા પક્ષીઓ માટે પીવાના પાણીના કુંડાનું ઠેર-ઠેર વિતરણ કરાયું હતું.જીવદયા પ્રેમીઓમાં અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે.

કિમ જોંગ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પણ ૧૫મી એપ્રિલના દિવસે નજરે પડ્યા ન હતા. એમ કહેવામાં આવી રહ્યુ છે કે કિમ જોંગ ઉનની હાલમાં હયાંગસાન વિસ્તારમાં આવેલા એક વિલામાં સારવાર ચાલી રહી છે. કિમ બ્રેન ડેડ થયા છે કે કેમ તેને લઈને અમેરિકી અધિકારીઓ તરફથી કોઈ માહિતી આપી નથી. ગુમચર રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ઉત્તર કોરિયાથી યોગ્ય અને પાકી માહિતી મળે તેવી શક્યતા ઓછી છે. કિમ જોંગ ઉનની ઉત્તર કોરિયામાં તો કોઈ ભગવાનની જેમ પુજા થાય છે. જેથી માહિતી ખુબ મુશ્કેલીથી આવી રહી છે. કિમ જોંગ ઉન હાલમાં સામે આવી રહ્યા ન હતા જેથી નિષ્ણાંતોને પણ ભરોસો થઈ રહ્યો ન હતો. તેઓ પોતાના દાદાના જન્મદિવસ પર થનાર ઉત્સવમાં કેમ આવ્યા ન હતા તેની ચર્ચા જોવા મળી રહી હતી.

તોબાતોબા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હવે સૌથી અસરગ્રસ્ત દેશોમાં ભારત પણ સામેલ છે. કારણ કે કેસોની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. સ્પેન, અમેરિકા, ઈટાલી સહિતના દેશો વધારે અસરગ્રસ્ત થયા છે. તેમના પગલા પણ હવે અપુરતા સાબિત થઈ રહ્યા છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. દુનિયાના ૨૧૦ કરતા વધારે દેશો કોરોનાના કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તેમના અર્થતંત્ર ભાંગી પડવાના આરે પહોંચી ગયા છે. અમેરિક અર્થતંત્રને પણ નુકસાન થયુ છે. દુનિયાના ૨૧૦ કરતા વધારે દેશો કોરોનાના કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તેમના અર્થતંત્ર ભાંગી પડવાના આરે પહોંચી ગયા છે. અમેરિક અર્થતંત્રને પણ ભારે નુકસાન થયુ છે. તમામ દેશો પગલા લઈ રહ્યા છે પરંતુ હાલમાં બિનઅસરકારક સાબિત થઈ રહ્યા છે. વિશ્વમાં કોરોનાની સ્થિતી કેટલી ખતરનાક છે તેનો અંદાજ આના પરથી જ લગાવી શકાય છે કે ૫૫ હજાર કરતા વધારે લોકો હજુ ગંભીર

બેકાબૂ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કેસ આવ્યો નથી. બંગાળમાં અધિકારીઓ સહકાર કરી રહ્યા નથી. આજે કેસોની સંખ્યા વધીને ભારતમાં ૧૯ હજારની નજીક પહોંચી ગઈ છે. જ્યારે મોતનો આંકડો ૬૦૦થી ઉપર પહોંચી ગઈ છે. મોતનો આંકડો ૬૦૩ ઉપર પહોંચી ગયો છે. જ્યારે કેસોની સંખ્યા ૧૮૯૮૫ સુધી પહોંચી ગઈ છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં ખુબ ઝડપથી કોરાનાના કેસો વધી રહ્યા છે. ઉત્તર પ્રદેશમા પણ કેટલાક પગલા લેવામાં આવી રહ્યા છે. જેના લીધે પ્રમાણમાં કેસોમાં બ્રેકની સ્થિતી રહી છે. મધ્યપ્રદેશમાં પણ કેસોની સંખ્યા એક હજાર કરતા વધારે થઈ ગઈ છે. ગુજરાતમાં આંકડો ૨૦૦૦ કરતા વધારે થઈગયો છે. દિલ્હીમાં પણ કેસોની સંખ્યા ૨૦૦૦ કરતા વધારે છે. કોરોના વાયરસને કઈ રીતે રોકવામાં આવે તે સંબંધમાં આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલ દ્વારા માહિતી આપવામાં આવી છે. તેમના કહેવા મુજબ પ્રથમ સંક્રમણ ઝોન અને બીજા બફર ઝોન તરીકે રહેનાર છે. સંક્રમણ ઝોનને અલગ અલગ સેક્ટરમાં વિભાજિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેસોમાં અવિરત વધારો જારી રહ્યો છે. દેશમાં કુલ કોરોના કેસો પૈકી ૮૪ ટકા કેસો માત્ર મહારાષ્ટ્ર, તમિળનાડુ, દિલ્હી, ગુજરાત, હરિયાણા, રાજસ્થાન, કેરળ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને કર્ણાટકમાંથી મળ્યા છે. મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, ઉત્તરાખંડ, તમિળનાડુ, કેરળ અને પંજાબમાં પણ કેસોમાં વધારો થયો છે. દિલ્હીમાં જે કેસો આવ્યા છે તે પૈકી જમાત સાથે જોડાયેલા લોકો વધારે રહ્યા છે. કોરોનાના કેસોમાં હાલમાં વધારો થઈ રહ્યો છે. દેશના ૫૯ જિલ્લા કોરોનામુક્ત થઈ ચુક્યા છે. છેલ્લા ૧૪ દિવસમાં કોઈ કેસ નોંધાયા નથી. કર્ણાટકમાં કોડુગીમાં ૨૮ દિવસમાં કોઈ કેસ નથી.ભારતમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ ૩૦મી જાન્યુઆરીના દિવસે આવ્યો હતો.દેશમાં પણ લોકડાઉની સ્થિતી હોવા છતાં અને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે.

વિક્રમી ઘટાડો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વધારો નહીં કરવાનો નિર્ણય લે છે તો પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ૬-૬ રૂપિયાનો ઘટાડો થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમતમાં એક ડોલર પ્રતિ બેરલનો ઘટાડો થાય છે તો સ્થાનિક બજારમાં બંને પેદાશોની કિંમતમાં પ્રતિલીટર ૫૦ પૈસાનો ઘટાડો થવાની શક્યતા રહે છે. ગઈકાલે ઈન્ડિયન બાસ્કેટ ક્રૂડની કિંમત ૨૦.૪૨ ડોલર પ્રતિબેરલ રહી હતી. આનો મતલબ એ થયો કે આશરે ૧૨ ડોલર પ્રતિબેરલનો ઘટાડો થયો છે. સરેરાશ એક ડોલરની કમી થાય તો પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ૫૦ પૈસા ઘટે છે. આ ગણિતની દ્રષ્ટિએ બંને ફ્યુઅલની કિંમતમાં ૬-૬ રૂપિયાનો ઘટાડો થઈ શકે છે. બીજી બાજુ ડોલરની સરખામણીમાં રૂપિયો ઘટી રહ્યો છે. ગઈકાલે ડોલર સામે રૂપિયો ૭૬.૬૩ રૂપિયા હતો. આના પરિણામ સ્વરુપે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં પ્રમાણમાં ઓછો ઘટાડો થશે. ૧૯૮૩ બાદ પ્રથમ એવું બન્યુ છે જ્યારે ક્રૂડની કિંમત શૂન્યથી પણ નીચે પહોંચી ગયા છે.

પ્રતિબંધ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રાજ્યોને બે દિવસ માટે રેપિડ ટેસ્ટિંગ કિટનો ઉપયોગ નહીં કરવાની સલાહ આપવામાં આવી છે. પરિણામમાં ખુબ અંતર જોવા મળે છે.જેના કારણે કોરોનાના રેપિડ ટેસ્ટ કિટના પ્રયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આગામી બે દિવસમાં આઈસીએમઆરની આઠ સંસ્થાઓ ફિલ્ડમાં કિટનુ પરીક્ષણ કરનાર છે. ત્યારબાદ ગાઈડલાઈન જારી કરવામાં આવનાર છે. રાજસ્થાન અને બંગાળમાં રેપિડ ટેસ્ટ કિટને લઈને પ્રશ્નો ઉઠ્યા હતા. જેના કારણે ઓન ગ્રાઉન્ડ ટીમો દ્વારા કિટ પરિક્ષણ બાદ બે દિવસમાં એડવાઈઝરી જારી કરવામાં આવનાર છે. તેમણે કહ્યુ હતુ કે જો પરીક્ષણ બાદ કિટમાં કોઈ ખામી રહે છે તો સંબંધિત કંપનીને તેને પરત મોકલી દેવામાં આવનાર છે. જાણીતા વૈજ્ઞાનિક કે આર ગંગાખેડકરે કહ્યુ હતુ કે અમારા દ્વારા તમામ રાજ્યોને રેપિડ ટેસ્ટ કિટ આપવામાં આવ્યા હતા. ગઈકાલે એક રાજ્યમાંથી ફરિયાદ આવી હતી કે આ કિટ્સમાં પ્રમાણમાં ઓછા ડિટેક્શન થઈ રહ્યા છે. ત્રણ રાજ્યોને પુછવામાં આવ્યા બાદ અમને માહિતી મળી છે કે આઈટીપીસીઆરના પોઝિટીવ સેમ્પલમાં અંતર વધારે છે.

પાલનપુર નગરપાલિકામાં હંગામી કર્મચારીને ગેરકાયદે પગાર ચુકવાતો હોવાની રજુઆત

પાણી પુરવઠાના હંગામી કર્મચારીને ચુકવાયેલો પગાર પ્રમુખ પાસેથી વસુલવાની માંગ

પાલનપુર

પાલનપુર નગરપાલિકામાં હંગામી કર્મચારીને ગેરકાયદેસર પગાર ચુકવાતો હોવાના આક્ષેપ સાથે ચુકવાયેલો પગાર પાલિકા પ્રમુખ પાસેથી વસુલ કરવાની લેખિત માંગ શાસક પક્ષના જ નગરસેવકે કરતા ચકચાર મચી જવા પામ્યો છે.

પાલનપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને હાલમાં ભાજપ સાથે સંકળાયેલા નગરસેવક અમૃતભાઈ જોશી(દાઢી)એ ચીફ ઓફિસરને કરેલી લેખિત રજુઆત મુજબ, પાલનપુર નગર પાલિકામાં પાણી પુરવઠા વિભાગમાં ચંપકભાઈ ઈશ્વરભાઈ પરમાર હંગામી કર્મચારી તરીકે ફરજ બજાવે છે. જે કર્મચારી પાલનપુર નગરપાલિકાના પ્રમુખ અશોક ભાઈ ઠાકોરના અંગત માણસ છે. જેથી કર્મચારીની નોકરી ઓફિસમાં દર્શાવાય છે. જ્યારે તે કર્મચારી પાલિકા પ્રમુખના ઘરનું અંગત કામ કરે છે. પાલિકા પ્રમુખ આ હંગામી કર્મચારી પાસે ઘરકામ કરાવે છે. આ કર્મચારી નગરપાલિકામાં છેલ્લા ૫ વર્ષથી કામગીરી કરતા નથી. છતાં પાલિકા પ્રમુખ ગેરકાયદેસર રીતે તેમને પગાર ચૂકવી રહ્યા છે. ત્યારે આજદિન સુધી ચુકવાયેલા પગારની વસુલાત પાલિકા પ્રમુખ પાસેથી કરવાની માંગ અમૃત દાઢીએ કરી છે. તેઓએ ચીફ ઓફિસરને તમામ રેકર્ડ કસ્ટડીમાં લઈ દિવસ-૧ માં રિપોર્ટ સરકારને કરી કરેલ કાર્યવાહીની નકલ આપવાની પણ માંગ કરી છે.

તપાસ બાદ ઘટતી કાર્યવાહી કરાશે

આ અંગે નગરપાલિકા ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ આર. કે. પરમારે જણાવ્યું હતું કે, ભાજપના સદસ્ય દ્વારા કરાયેલી રજુઆત અન્વયે તપાસ બાદ ઘટતી કાર્યવાહી કરાશે.

પાલનપુર માર્કેટયાર્ડ ધમધમતું થયું

બનાસકાંઠામાં સોમવારથી માર્કેટયાર્ડ શરૂ થયા હતા. જ્યાં પાલનપુર ખાતે પણ સરકારની ગાઈડ લાઈન મુજબ ખેતીના પાકની લે- વેચ શરૂ કરવામાં આવી હતી. પાલનપુર માર્કેટયાર્ડમાં સોમવારથી સરકારની ગાઈડ લાઈન મુજબ ખેતીના પાકની લે- વેચ શરૂ કરવામાં આવી હતી. જ્યાં સેનેટાઈઝ તેમજ ડિસ્ટન્સિગ સહિતની સાવચેતી રાખવામાં આવી હતી.